જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૮૫ લીટર દેશી દારૂ, ૩૯૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૦ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૩૯/૨૦૨૬**

બોડકદેવઃ સાહીલભાઇ જકશીભાઇ દેસાઇ (ઉ.વ.૨૭)(રહે, આશ્રય અતુલ્યમ, વ્રજ–૩ ની બાજુમા, શીલજ કેનાલ રોડ, શીલજ) એ તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૬ રાતના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન સિંધુભવન, બીરમીસ રેસ્ટોરન્ટની બાજુમા રોડ ઉપર પાર્ક કરેલ પોતાની સ્વીફ્ટ ડીઝાયર કારનો ખાલી સાઈડના પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમા મોબાઇલ ફોન નંગ–૩, એક હાર્ડ ડીસ્ક, પેન ડ્રાઇવ નંગ–૪ અને રોકડ રૂપિયા ૬૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૧,૯૦૦/– ની મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિરભદ્રસિંહ વનરાજસિંહ ચલાવે છે.

ઘાબાના સ્લેબ નીચે દટાઇ જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૪૦/૨૦૨૬**

કૃષ્ણનગરઃ માલતીબહેન સત્યનારાયણ પાંડે (ઉ.વ.૫૫)(રહે.બંગલા એરીયા રોડ, મોટી કંપાઉન્ડ સામે આવેલ મકાનમાં, સૈજપુર બોઘા) તા.૦૪/૦૭/૨૦૨૬ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના ઘાબાનો સ્લેબ તૂટીને નીચે પડતાં માલતીબહેન સ્લેબ નીચે દટાઇ જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સીવીલ હોપીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૭/૨૦૨૬ ના કલાક ૧/૫૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.સોલકી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૪૧/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ દિપિકાબહેન વા/ઓ પુષ્પેન્દ્ર મીણા (ઉ.વ.૨૬) (રહે. ખોડીયાર ફાર્મ, જૈન દેરાસરની બાજુમાં, ઓગણજ, લપકામણ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં લોખંડની ગ્રીલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

ચાંદખેડાઃ અમિતકુમાર સ/ઓ અવધેશસિંઘ યાદવ (ઉ.વ.૨૫)(રહે. ચિત્રગુપ્ત સોસાયટી, ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૩૫ વાગ્યા પહેલા ચાંદખેડા, ત્રાગડ ફાટક પાસે, રેલ્વે ટ્રેક ઉપર, થાંભલા નં–૭૭૩/૬ થી થાંભલા નં–૭૭૩/૮ ની વચ્ચે પોતાની જાતે ટ્રેઇન નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી